ધર્મગુરુ બુરહાનુદ્દીનની અંતિમ વિધિમાં ભાગદોડથી ૧૮ના મોત

મુંબઈ,તા.૧૮

દાઉદી વ્હોરા સમુદાયના ધર્મગુરુ ડૉ. સૈયદના મોહમંદ બુરહાનુદ્દીનના અંતિમ દર્શન કાર્યક્રમમાં ભાગદોડથી ૧૮ લોકોના મોત થઈ ગયા છે અને અન્ય ૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ભાગદોડની આ ઘટનામાં મોતનો આંકડો હજુ વધે તેવી શકયતા દેખાઈ રહી છે. બુરહાનુદ્દીનનું શુક્રવારે સવારે દક્ષિણ મુંબઈ સ્થિત તેમના આવાસ ઉપર અવસાન થયું હતું. તેઓ ૧૦૨ વર્ષના હતા. અંતિમ દર્શનમાં ભાગદોડની ઘટનામાં તપાસ પણ હાથ ધરવામાં આવી ચૂકી છે. બુરહાનુદ્દીનના અવસાન બાદ અંતિમ દર્શન માટે તેમના માલાબાર હિલ સ્થિત આવાસ ઉપર વ્હોરા સમુદાયના લોકો એકત્રિત થવા લાગ્યા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યાનુંસાર રાત થતાં થતાં હજારો લોકો એકત્રિત થઈ ગયા હતા. મળેલી માહિતી મુજબ ભારે ભીડના કારણે અફડાતફડી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી અને આજે વહેલી પરોઢે ૧.૩૦ વાગે આ ભાગદોડ મચી ગઈ હતી. બીએમસીના સૂત્રોએ કહ્યું છેકે ૧૮ લોકોના મોતને સમર્થન મળી ચૂક્યું છે. ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ભાગદોડની ઘટના બાદ પોલીસે બુરહાનુદ્દીનના આવાસની આસપાસ વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો. બુરહાનુદ્દીન દાઉદી વ્હોરા સમાજના ૫૨માં ધર્મગુરુ હતા. તેમના અવસાન બાદ દુનિયાભરના વ્હોરા સમુદાયમાં આઘાતનું મોજું ફળી વળ્યું હતું.

અંતિમવિધિની સાથે સાથે

- દાઉદી વ્હોરા સમુદાયના ધર્મગુરુના અંતિમવિધિ કરાઈ
- લાખોની સંખ્યામાં લોકો શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટી પડ્યા
- આજે વહેલી પરોઢે ભાગદોડની ઘટનામાં ૧૮ લોકોના મોત થયા બાદ પોલીસે પણ સાવદાનીપૂર્વક વ્યવસ્થા ગોઠવી
- દક્ષિણ મુંબઈ સ્થિત આવાસ પર બુરહાનુદ્દિનનું અવસાન થયુ હતુ
- બુરહાનુદ્દિનના અવસાન બાદ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચેલા લોકોમાં ભાગદોડ મચી જતા આજે સવારે અવ્યવસ્થા સર્જાઈ ગઈ હતી
- અંતિમવિધિમાં દેશભરમાં વ્હોરા સમુદાયના લોકો એકત્રિત થયા
- અંતિમ દર્શન કરવા માટે ગઈકાલથી જ લોકો આવવા લાગી ગયા હતા
- દાઉદી વ્હોરા સમુદાયના પરમાં ધર્મગુરુ તરીકે તેઓ હતા
- અંતિમવિધિમાં વધુ સંખ્યામાં લોકો પહોંચતા પહેલાથી જ તૈયારી કરાઈ હતી

દેશભરથી વ્હોરા સમાજના લોકો અંતિમ દર્શન માટે પહોંચવા લાગી ગયા હતા. બીએમસી ડિઝાસ્ટર કંટ્રોલના અધિકારીઓએ કહ્યું છે કે માલાબાર હિલ નિવાસ સ્થાનની બહાર સ્થિતિ બેકાબૂ બની ગઈ હતી. કારણ કે વધુ સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. ઓછામાં ઓછા ૧૭ મૃતદેહોને ભાગદોડની આ ઘટના બાદ સૈફી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે જ્યારે અન્ય એકના મૃતદેહને કુંબાલા હિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. અન્ય ૨૦ લોકોને નાની મોટી ઈજાઓ થઈ છે. ત્રણ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. તેમની અંતિમ વિધિ ભીડી બજારમાં કરવામાં આવી છેજે દક્ષિણ મુંબઈમાં છે.

ધર્મ આધારે લોકોને વિભાજિત કરવા કોંગ્રેસ પર સીધો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૧૮

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે જો કોઈ મુદ્દાથી જમ્મુ કાશ્મીરના વિકાસને મદદ મળશે તો તેમની પાર્ટીને કોઈ પણ વાંધો રહેશે નહીં. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ને લઈને પણ પક્ષને કોઈ વાંધો નથી પરંતુ રાજ્યના સર્વાંગી વિકાસમાં મદદ મળે તે ખૂબ જરૂરી છે. જમ્મુ કાશ્મીર અમારા માટે ખૂબજ ગંભીર અને સંવેદનશીલ મુદ્દો છે. રાજનાથસિંહે કહ્યુ હતુ કે કોંગ્રેસ ધર્મના આધાર પર લોકોને વિભાજિત કરવાની રાજનીતિ રમી રહી છે. દેશ હવે પરિવર્તન ઈચ્છે છે. હવે માત્ર સત્તા પરિવર્તન નહીં બલકે વ્યવસ્થા પરિવર્તન પણ ઈચ્છે છે. દિલ્હીના રામલીલા મેદાન પર બોલતા રાજનાથસિંહે કહ્યુહતુકે દેશ આજે કંગાળ હાલમાં છે. ૨૧મી સદીની શ્રોથી પહેલી સરકાર અમારી હતી તે વખતે દેશની સ્થિતિ ખુબજ મજબુત હતી.

જમ્મુ કાશ્મીરમાં વિકાસ થાય છે તો અમને કલમ ૩૭૦ને લઈને કોઈ પણ વાંધો નથી. ભાજપની નવી દિલ્હીમાં ચાલી રહેલી બે દિવસીય રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં રાજનાથસિંહે શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉઠાવીને આકમક રજુઆત કરી હતી. ભાજપના વલણમાં ફેરફારનો આ બાબત સંકેત આપે છે. રાજનાથસિંહે ઉમેર્યુ હતુ કે જો કલમ ૩૭૦ ભારતીય મુખ્ય પ્રવાહથી રાજ્યને રોકવા કાવતરા સમાન રહેશે તો તેમની પાર્ટી કોઈ પણ સંજોગોમાં આને સ્વીકારી લેશે નહીં.

પક્ષના મુખ્યમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ગયા મહિનામાં જમ્મુ કાશ્મીરમાં એક રેલીમાં કહ્યુ હતુ કે કલમ ૩૭૦થી રાજ્યને ફાયદો થયો છે કે કેમ તે મુદ્દે ચર્ચા થઈ શકે છે. ડિસેમ્બરમાં મોદીએ કહ્યુ હતુકે બંધારણ મુજબ કલમ ૩૭૦ને ચાલુ રાખવી જોઈએ કે કેમ તે અંગે ચર્ચા થઈ શકે છે. ત્યારબાદ ભાજપે એવા સૂચનને ફગાવી દીધુ હતુ કે મોદીએ આ મુદ્દે વલણ હળવું બનાવ્યુ છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ કહ્યુ હતુ કે આ મુદ્દે ચર્ચા માટે ભાજપને પડકાર ફેંકવાની બાબત બિલકુલ અયોગ્ય છે. ભાજપ કલમ ૩૭૦ને લઈને હંમેશા આકમક વલણ અપનાવ્યુ છે. ભાજપને કોમવાદી પાર્ટી તરીકે ગણાવવા બદલ યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધીની ઝાટકણી કાઢતા રાજનાથસિંહે કહ્યુ હતુકે કોંગ્રેસ પાર્ટી ધર્મના આધાર પર લોકોને વિભાજિત કરવાની રાજનીતિ રમી રહી છે. મોદી વડાપ્રધાન બનશે તો દેશ માટે ખતરનાક રહેશે તેવા સૂચન બદલ સિંહે વડાપ્રધાનની પણ ઝાટકણી કાઢી હતી. કોંગ્રેસને એવી દહેશત છે કે મોદી હેઠળની મજબુત સરકાર રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસની હાલત કફોડી કરી દેશે. મધ્યપ્રદેશ, છત્તિસગઢ અને રાજસ્થાનમાં કોંગ્રેસની ખરાબ હાલત થઈ ચુકી છે.

સુનંદાના મોત મામલામાં શશી થરૂર-અન્યોની પૂછપરછ થઈ

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રીય માનવ સંશાધન રાજ્ય મંત્રી શશી થરૂરની પત્ની સુનંદા થરૂર રહસ્યમય સંજોગોમાં મૃત હાલતમાં મળી આવ્યા બાદ આ સમગ્ર મામલામાં ઊંડી તપાસ શરૂ થઈ ચુકી છે પરંતુ હજુ સુધી સુનંદાના મોતને લઈને રહસ્ય અકબંધ રહ્યુ છે. રહસ્યમય સંજોગોમાં મોત બાદ સુનંદા પુસ્કરના મૃતદેહ પર પોસ્ટ મોર્ટમની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. રિપોર્ટ આવવામાં સમય લાગશે પરંતુ આને તબીબો એકાએક મોત તરીકે ગણી રહ્યા છે. શંકા ઉભી થાય તેવી કેટલીક બાબતો પણ સપાટી પર આવી છે. એમ્સના ફોરેન્સીક મેડિસિન ડિપાર્ટમેન્ટના હેડ ડોક્ટર સુધિર ગુપ્તાના નેતૃત્વમાં ત્રણ તબીબોએ પોસ્ટ મોર્ટમની પ્રક્રિયા હાથ ધરી હતી. શરીરમાં ઝેરના કોઈ તત્વો મળ્યા નથી પરંતુ ઈજાના નિશાન મળ્યા છે. તબીબોના કહેવા મુજબ સુનંદાના મોતને સ્વાભાવિક ગણી શકાય નહીં. હાલમાં કોઈ પણ શક્યતાને નકારી શકાય નહીં. પરંતુ તેમનું મોત કઈ રીતે થયું છે તે અંગે હજુ જાણી શકાયું નથી. દિલ્હી પોલીસે શશી થરૂરની પૂછપરછ કરી છે. થરૂરના ડ્રાઈવર અને હોટલના સ્ટાફની પણ પૂછપરછ કરવામાં આવી છે. ઘટના સ્થળે પુરાવા એકત્રિત કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. હોટલના સીસી ટીવી કેમેરાના ફોટાઓની પણ તપાસ

હાથ ધરવામાં આવી છે. શશી થરૂર મામલામાં સહકાર આપી રહ્યા છે. દિલ્હીના ચાણક્યપુરી સ્થિત હોટલ લીલા પેલેસમાં શુક્રવારે મોડી રાત્રે સુનંદાનો મૃતદેહ મળી આવ્યો હતો. સુનંદાના મોત અંગે શશી થરૂરના પીએસ દ્વારા પોલીસને માહિતી આપવામાં આવી હતી. આ ઘટના થરૂર દંપતી વચ્ચે ટ્વીટર વિવાદના એક દિવસ બાદ સપાટી ઉપર આવી છે. સુનંદા પોતાના પતિ અને એક પાકિસ્તાની મહિલા પત્રકાર વચ્ચે સંબંધોને લઈને હેરાન પરેશાન હતી. શશી થરૂર અને સુનંદા દિલ્હીના ચાણક્યપુરી સ્થિત હોટલ લીલા પેલેસના રૂમ નં. ૩૪૫માં રોકાયેલા હતા. બંને ગુરુવારે હોટલમાં આવ્યા હતા. શશી થરૂરના પીએસ અભિનવ કુમારે સમગ્ર મામલાની માહિતી આપતા કહ્યું છે કે તેમના ઘરે સાફ સફાઈનું કામ ચાલી રહ્યું હતું જેથી બંને હોટલોમાં રોકાયેલા હતા. શુક્રવારે સવારે હોટલમાંથી જ તૈયાર થઈને શશી થરૂર એઆઈસીસીની બેઠકમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. તેમના જણાવ્યા મુજબ ગઈકાલે રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ શશી થરૂર હોટલમાં પહોંચ્યા હતા. હોટલના રૂમમાં બેડરૂમના દરવાજા બંધ હતા જેથી શશી થરૂરને લાગ્યું કે સુનંદા સૂઈ ગઈ છે જેથી ડિસ્ટબ કરવાના બદલે તેઓએ ધ્યાન આપ્યું ન હતું. થોડાક સમય બાદ તેઓએ બેડરૂમમાં નિહાળતાં જોવા મળ્યું હતું કે સુનંદા બેડ ઉપર બેભાન અવસ્થામાં છે. શશી થરૂરે તરત જ તેમના પીએસને ફોન કર્યો હતો અને ત્યારબાદ પોલીસને માહિતી આપવામાં આવી હતી. સુનંદાનો મૃતદેહ બેડ ઉપર મળી આવ્યો હતો. શશી થરૂરે શુક્રવારે સાંજે ટ્વીટર ઉપર જણાવ્યું હતું કે પત્નીની તબિયત સારી નહીં હોવાના કારણે જયપુર લિટરેચર કાર્યક્રમમાં ભાગ લેશે નહીં. બીજી બાજુ ટીવી ચેનલે માહિતી આપતા કહ્યું છે કે સુનંદાએ આત્મહત્યા કરી હોવાની શંકા છે પરંતુ સત્તાવાર રીતે કોઈ માહિતી મળી નથી. તેના મોતને લઈને જુદા જુદા કારણો આપવામાં આવ્યા છે. હોટલના રૂમો સીલ કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સબડિવિઝનલ મેજિસ્ટેટ દ્વારા મોડી રાત્રે જ તપાસ હાથ ધરવામાં આવી છે. લગ્નના સાત વર્ષના ગાળામાં કોઈપણ મામલામાં મોતમાં કાયદાકીય રીતે સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ કરવામાં આવે છે.

ચૂંટણી પહેલાં બેન્ક કર્મીના પગારમાં જંગી વધારો થશે

નવી દિલ્હી,તા.૧૮

લોકસભાની ચૂંટણી પહેલા આશરે ૧૦ લાખ બેંક કર્મચારીઓના પગારમાં જંગી વધારો કરવામાં આવશે. બેંક કર્મચારીઓ માટે આ ખૂબ જ રાહતજનક સમાચાર છે. સરકારે આના માટે અંતિમ તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. ગુરુવારે આ સંદર્ભમાં ઈન્ડિયન બેંક એસોશીએશન (આઈબીએ) સાથે બેંક યુનિયનની બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ રહી હતી. આઈબીએ દ્વારા પગારમાં ૯.૫ ટકાના વધારાની ઓફર કરી છે. યુનિયનોએ આ ઓફરને ફગાવી દીધી હતી. હવે બંને પક્ષોએ સુધારાવાળી ઓફરની સાથે ૨૭મી જાન્યુઆરીના દિવસે ફરી બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. નાણાં મંત્રાલયના સૂત્રોના કહેવા મુજબ ટૂંક સમયમાં વચ્ચેનો માર્ગ શોધી કાઢવામાં આવશે અને વિવાદને ઉકેલી લેવામાં આવશે. એવા પ્રયાસ કરવામાં આવશે કે ફેબ્રુઆરી મહિનામાં બંને તરફથી સહમતી સ્થાપિત કરી દેવામાં આવશે. બંને પક્ષો તરફથી કેટલીક બાબતો અંગે વિરોધ ચાલી રહ્યો છે. વિરોધ માટે મુખ્ય કારણ પગારમાં વધારાની ટકાવારી છે. વર્ષ ૨૦૧૦માં બેંક કર્મચારીઓના પગારમાં વધારાની ટકાવારી ૧૭.૨ ટકા હતી. બેંક કર્મચારીઓનું કહેવું છે કે વધતી જતી મોંઘવારીના મુદ્દાને ધ્યાનમાં લઈને પગારમાં વધારો અગાઉની સરખામણીમાં વધારે હોવો જોઈએ. બીજી બાજુ આઈબીએ બીજી ફોર્મ્યુલા ઉપર સંમતિ સ્થાપિત કરવાના પ્રયાસમાં છે. પગારમાં ૧૦ ટકા અથવા તેની આસપાસનો વધારો કરવા આઈબીએ ઈચ્છે છે. ચોક્કસપણે આ વધારો પે ઈન સ્લીપમાં થશે. પરંતુ અન્ય સુવિધા જેમાં પેન્સન પણ સામેલ છે તેને પણ જોડી દેવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. બીજી બાજુ બેંક યુનિયનની માંગણી છે કે તેઓ ખુશ છે પરંતુ ૨૭મી જાન્યુઆરીએ ફરી મળવા માગે છે. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સના મહા સચિવ અશ્વિની રાણાએ કહ્યું છે કે અમે પણ ઈચ્છીએ છીએ કે બેંક કર્મચારીઓના પગારમાં તરત વધારો કરવામાં આવે. ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે.

સમાચાર ઝલક

- બદ્રીનાથ-કેદારનાથ સીમલામાં બરફવર્ષા થતાં હીમપ્રપાતનાં દૃશ્યો સર્જાયા.
- કોંગ્રેસને ૧૨૮ વર્ષ પૂર્ણ થતાં અમદાવાદમાં પદયાત્રા યોજાઇ.
- જાણીતા ફોટોગ્રાફર પ્રાણલાલ પટેલનું ૧૦૫ વર્ષની વયે નિધન.
- બેંક કર્મચારીઓની હડતાળનું સમાધાન થયું, પગાર વધારામાં સંમતિ સંધાઇ.
- નડિયાદ નગરપાલિકાની ભરતીમાં પ્રાંત અધિકારીની શંકાસ્પદ કામગીરી હોવાની ચર્ચા.
- ઉત્તર ગુજરાતમાં કપાસના ભાવોમાં તેજી.
- ડીસામાં એકી સાથે ૧૨ દુકાનો તાળાં તૂટ્યા.
- દિલ્હીમાં ઠંડીના કારણે ૧૦નાં મોત.
- હરિયાણાની કોંગ્રેસ સરકારે આઇ.એ.એસ. અધિકારી ખેમકા સામે સીબીઆઇ તપાસ કરાવશે.
- આદર્શ સોસાયટી કૌભાંડમાં પૂર્વ પ્રધાન અશોક ચૌહાણનું નામ રદ કરવાની માંગણી કોર્ટે ફગાવી દીધી.
- દિલ્હી સરકારના પ્રધાનો કેન્દ્રીય ગૃહમંત્રી શિંદેની સામે ધરણાં કરશે.
- થાઇલેન્ડમાં દેખાવકારોના ટોળામાં વિસ્ફોટ થતાં ૨૮ વ્યક્તિઓનાં સ્થળ પર જ મોત.
- વિશ્વમાં સૌથી વધુ પોલિયોના કેસ પાકિસ્તાનના પેશાવર શહેરમાં નોંધાયા.
- વિશ્વ પ્રસિદ્ધ ટાઇમ્સ મેગેઝીનમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિશે લખાણ પ્રસિદ્ધ થયું.
- ગોધરામાં કતલખાનાઓ ઉપર પોલીસના દરોડા.
- અફઘાનિસ્તાનમાં આત્મઘાતી બોમ્બ વિસ્ફોટથી ૧૬ વિદેશીઓનાં મોત થયા.
- બીટી કપાસનું નવું બિયારણ બહાર પડશે.
- સુનંદા પુષ્કરનાં કુટુંબીજનોએ મૃત્યુ અંગે સી.બી.આઇ. તપાસની માંગણી કરી.

મમતાએ મિથુન ચક્રવર્તીનું નામ આરએસ સીટ માટે નોમિનેટ કર્યું

નવી દિલ્હી,તા. ૧૮

જાણિતા અભિનેતા મિથુન ચક્રવર્તીની તૃણમૂલ કોંગ્રેસ દ્વારા રાજ્યસભા માટે નોમિનેટ કરવામાં આવશે. પક્ષના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે તેમના ફેસબુક એકાઉન્ટ પર આ અંગેની જાહેરાત કરી હતી. મમતા બેનર્જી મિથુન ચક્રવર્તીને રાજ્યસભામાં મોકલવા તૈયારી કરી ચુકયા છે. મમતા બેનર્જીએ જણાવ્યુ છે કે અમારા રાજ્યોમાં આ વખતે પાંચ સભ્યોની ચૂંટણી કરવામાં આવનાર છે. આ બેઠકો પૈકી એક મિથુન ચક્રવર્તીને આપવામાં આવશે. મમતાએ કહ્યુ છે કે મિથુન જાણિતી ફિલ્મી પર્સનાલીટી છે. મિથુનની લાઈફ સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિ સાથે જોડાયેલી રહી છે. મિથુને પોતાની કેરિયરમાં અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે પશ્ચીમ બંગાળની મિથુનચક્રવર્તી એક મોટી હસ્તી છે આ ઉપરાંત દેશમાં પણ

મિથુનના ચાહકો ખુબ મોટી સંખ્યામાં છે. તેમની વરણી કરીને અમે ગર્વ અનુભવ કરી રહ્યા છીએ. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે ૬૧ વર્ષીય મિથુને મૃણાલસેનની ફિલ્મ મૃગ્યા મારફતે ૧૯૭૬માં બોલિવુડમાં એન્ટ્રી કરી હતી ત્યારબાદ સર્વશ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીતી લીધો હતો. ૧૯૮૨માં ડિસ્કો ડાન્સર માફરતે મિથુને ભારતમાં ડાન્સીંગ ક્રેઝ જમાવ્યો હતો. આ અભિનેતાએ અનેક મોટી હિટ ફિલ્મો આપી છે. મણિરત્નમની ગુરુ ફિલ્મમાં પણ હાલમાં મિથુને ભૂમિકા ભજવી હતી. તમામ મોટા નિર્માતાઓ સાથે મીથુન કામ કરી ચુકયો છે. મિથુન ચક્રવર્તીની પસંદગીને લઈને તૃણમુલ કોંગ્રેસમાં કોઈ પણ પ્રકારનો વિખવાદ નથી. પશ્ચિમ બંગાળમાં પણ મિથુનના ચાહકો ખૂબ મોટી સંક્યામાં છે. મિથુનના લાખો ચાહકોએ તેમની પસંદગીને લઈને ખુશી વ્યક્ત કરી છે. ટૂંકમાં જ વિધિવતરીતે નિમણૂંક કરાશે.

ખેમકા સામે સીબીઆઈ તપાસનો આદેશ કરાયો

મુંબઈ ,તા.૧૮

હરિયાણા સરકારે સસ્પેન્ડ કરવામાં આવેલા આઈએએસ અધિકારી અશોક ખેમકા સામે સીબીઆઈ તપાસનો આદેશ કરી દીધો છે.

આઠ કરોડ રૂપિયાની કિંમતનો ગુજરાતમાં એક કંપનીને કોન્ટ્રાક્ટ આપવા બદલ ખેમકા સામે સીબીઆઈ તપાસનો આદેશ ખેમકા સામેના આક્ષેપો વર્ષ ૨૦૦૯ સાથેના સંબંધમાં છે. એ વખતે ખેમકા સ્ટેટ વેરહાઉસ કોર્પોરેશનના ડિરેક્ટર તરીકે હતા. મિડિયા અહેવાલ મુજબ હરિયાણા સરકારે આક્ષેપ કર્યો છે કે ખેમકાએ તેની મંજુરી લીધા વગર કોન્ટ્રાક્ટમાં ઉલ્લેખ કરવામાં આવેલી શરતો બદલી કાઢી હતી. ખેમકા ૨૩ વર્ષથી આઈએએસ અધિકારી તરીકે છે. ૧૯૯૧ની બેંચના આઈએએસ અધિકારી ખેમકાની તેમની કેરિયરમાં હજુ સુધી ૪૫ વખત બદલી કરવામાં આવી છે. વાઢેરાની ડીએલએફ જમીન સૌદાબાજીને રદ્દ કરવા બદલ પણ તેઓ ચર્ચામાં રહ્યા હતા. હરિયાણામાં જુદી જુદી જમીન સૌદાબાજીમાં સરકારની ખોટી કામગીરીને સપાટી પર લાવવામાં આવતા ખેમકાની ભૂમિકા રહી છે. ઓક્ટોબર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે અધિકારીઓ માટે નક્કી અવધિને લઈને કેન્દ્ર અને રાજ્ય સરકારોને સૂચના આપી હતી.

હવે ફેસબુક અને ટ્વિટર પર મોનિટરીંગની યોજના તૈયાર

નવી દિલ્હી,તા. ૧૮

કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુકે સરકાર સોશિયલ નેટવર્કીંગ સાઈટ ફેસબુક અને ટ્વિટર પર નજર રાખવાની યોજના બનાવી રહ્યુ છે. ઉશ્કેરણીજનક અને ઉત્તેજક ફોટાઓ મૂકવાની બાબત સોશિયલ મિડિયા પર મોટા પાયે ચાલી રહી છે. સોશિયલ મિડિયાનો દુરુપયોગ હાલના સમયમાં વધ્યો છે આવી સ્થિતિમાં સોશિયલ મિડિયા પર મોનિટરીંગ રાખવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે કોમવાદી રમખાણોને ભડકાવવા માટે ઉશ્કેરણીજનક ફોટાઓ મુકવામાં આવ્યા છે. તેમનું મંત્રાલય આના પર અંકુશ મુકવા ઈચ્છુક છે. મુજફ્ફરનગરની સાંપ્રદાયિક હિંસાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યુ હતુ કે ગૃહમંત્રાલયમાં બેસીને તેઓ કેટલાક ઉશ્કેરણીજનક ફોટોગ્રાફ જે ફેસબુક પર મુકવામાં આવ્યા છે તે જોઈ ચુકયા છે. આના કારણે કોમવાદી હિંસા વધારે ભડકી ઉઠી હતી. હિન્દી અખબારના લોન્ચ પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં તેમણે કહ્યુ હતુ કે સોશિયલ મિડિયાના ઉપયોગને યોગ્યરીતે હાથ ધરવામાં આવે તે જરૂરી છે. બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડી પ્રમુખ લાલુ પ્રસાદ યાદવ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. શિંદેએ કહ્યુ હતુ કે ઉત્તર-પૂર્વ અંગે હાલમાં કેટલીક ઉશ્કેરણીજનક બાબતો મુકી દેવામાં આવી હતી. કઠોર પગલા લેવામાં આવી રહ્યા છે. સોશિયલ મિડિયાના દુષણને લઈને તેઓએ લાલ આંખ કરી હતી અને કહ્યુ હતુ કે ખોટી બાબતોને ચલાવી લેવામાં આવશે નહીં. શિંદેએ એમ પણ કહ્યુ હતુકે પ્રિન્ટ મિડિયા સામે પણ આજે નવા પડકાર ઉભા થયા છે. ઈન્ટરનેટ પર અતિ ઝડપથી માહિતી પહોંચી રહી છે જેથી પ્રિન્ટ મિડિયા સામે હવે પડકારજનક સ્થિતિ સર્જાઈ છે.

માયાવતી સામે ડીએ કેસમાં ફરી તપાસ થવાની શક્યતા

નવી દિલ્હી,તા.૧૮

બહુજન સમાજપાર્ટીના નેતા અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીની તકલીફ ફરી એકવાર વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સામાન્ય ચૂંટણી પહેલા તેમની સામે સંકંજો મજબૂત કરવામાં આવે તેવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટે માયાવતી સામે કેસને બંધ કરવાના સીબીઆઈના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી જાહેર હિટની અરજીને ફગાવી દીધી હતી. કમલેશ વર્મા નામની વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવામાં આવ્યું છે કે સીબીઆઈ તપાસ સંસ્થા પાસે ઉલ્લેખનીય પુરાવા હોવા છતાં આ કેસને બંધ કરી દેવામાં આવ્યો છે. માયાવતીના વકીલે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. કમલેશ વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં સીબીઆઈ ઉપર પણ આક્ષેપો કરવામાં આવ્યા છે. માયાવતી દ્વારા બિનહિસાબી સંપત્તિ એકત્રિત કરવાનો આક્ષેપ કરીને જણાવવામાં આવ્યું છે કે ઘણા પાસાંઓ તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. બીજી બાજુ માયાવતીના વકીલ સતીષ ચંદ્ર મિશ્રાએ આ અરજીને સ્વીકાર નહીં કરવા કોર્ટ સમક્ષ જોરદાર રજૂઆત કરી હતી અને કહ્યું હતું કે આ કેસ બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે છેલ્લા ૧૦ વર્ષમાં અડધા ડઝનથી વધુ કેસો હાથ ધર્યા છે. અરજીદારો તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ શાંતિ ભૂષણે કહ્યું હતું કે સીબીઆઈએ વિસ્તૃત તપાસ કરી છે અને સુપ્રીમ સમક્ષ પૂરતા પુરાવાની રજૂઆત પણ કરવામાં આવી છે.માયાવતી સામે ડીએ કેસમાં કાર્યવાહી કરવાની સ્થિતિ રહેલી છે.

કેજરીવાલની ફરિયાદો તરફ ખાસ ધ્યાન અપાયુ

નવી દિલ્હી,તા. ૧૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં ધ્યાન આપવામાં આવશે. કેન્દ્રિય ગૃહમંત્રી સુશીલકુમાર શિંદે દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. દિલ્હી પોલીસની કામગીરીને લઈને મુખ્યમંત્રી કેજરીવાલે ફરિયાદ કરી હતી. શિંદેએ કહ્યુ હતુકે દિલ્હીના ઉપરાજ્યપાલ દ્વારા સમગ્ર મામલામાં તપાસ કરવા એક પંચની રચના કરી દીધી છે છતાં પણ તેઓ પોલીસની કામગીરી તરફ ધ્યાન આપશે. શિંદેએ કહ્યુ હતુકે દિલ્હી પોલીસ સામે આમ આદમી પાર્ટીના નેતાઓ દ્વારા ઘણા મામલા ઉઠાવવામાં આવ્યા છે. દિલ્હીમાં સ્થિતિ જુદા પ્રકારની છે. શિંદેએ કહ્યુ હતુ કે કેજરીવાલે મળીને તેમની સમક્ષ રજુઆત કરી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાને ભ્રષ્ટાચારના આક્ષેપોનો જવાબ આપવાનો ઈન્કાર કર્યો હતો. સાથે સાથે દાઉદ ઈબ્રાહીમ સાથે સંબંધ ધરાવતા વેપારીને છુપાવવાના અહેવાલને પણ રદિયો આપ્યો હતો. શિંદેએ કહ્યુ હતુકે દિલ્હી પોલીસના કમિશનરની સાથે ઘણા મુદ્દે વાતચીત કરવામાં આવી છે. આદર્શ હાઉસિંગ સોસાયટીના મુદ્દે શિંદેએ કહ્યુ હતુકે તેઓ આ મામલામાં વાત કરવા ઈચ્છુક નથી.